માંડવી તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારોની યાદી

ક્રમ	બેઠકનું નામ	ઉમેદવારનું નામ	પક્ષ	મેળવેલ મત
1	અમલસાડી	રમીલાબેન ચૌધરી	ભાજપ	2066
2	દઢવાડા	શારદાબેન વસાવા	ભાજપ	1937
3	દેવગઢ	નાથુભાઈ ચૌધરી	કોંગ્રેસ	1456
4	ઘંટોલી	મયુરભાઈ ચૌધરી	ભાજપ	1858
5	ગોડધા	નીરુબેન ચૌધરી	કોંગ્રેસ	2001
6	કાકડાપાર	નર્મદાબેન ચૌધરી	કોંગ્રેસ	1739
7	કિમડુંગરા	દિપીકાબેન ચૌધરી	કોંગ્રેસ	1777
8	લુહારવડ	સુમિત્રાબેન વસાવા	ભાજપ	1044
9	માલધા	રવિનાબેન વસાવા	આપ	1558
10	સાલૈયા	કમલેશભાઈ ચૌધરી	ભાજપ	1610
11	સઠવાવ	રીતેશભાઈ ચૌધરી	ભાજપ	1281
12	વરેઠ	કમલેશભાઈ ચૌધરી	ભાજપ	1791
13	ગોદાવાડી	બિનલકુમારી પટેલ	ભાજપ	1924
14	કમલપોર	ભાવિકાબેન રાઠોડ	ભાજપ	1911
15	ખરોલી	જતીનકુમાર ચૌધરી	ભાજપ	1350
16	મોટીચેર	હિમાંશુ કુમાર ચૌધરી	કોંગ્રેસ	1832
17	પુના	વિજયભાઈ માહ્યાવંશી	ભાજપ	1397
18	રતનિયા	રાજેશભાઈ ગામીત	ભાજપ	1455

અરેઠ તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારોની યાદી

ક્રમ	બેઠકનું નામ	ઉમેદવારનું નામ	પક્ષ	મેળવેલ મત
1	અરેઠ	રાકેશભાઈ ચૌધરી	ભાજપ	1701
2	કરવલી	પુષ્પાબેન ચૌધરી	ભાજપ	1231
3	ખોડાંબા	અરૂણાબેન ગામીત	ભાજપ	1070
4	નરેણ	રક્ષાબેન ચૌધરી	ભાજપ	1593
5	નોગામા	મુકેશભાઈ ચૌધરી	ભાજપ	1662
6	પાતલ	સંજનાબેન ચૌધરી	ભાજપ	1092
7	ટુકેદ	મનિષાબેન ગામીત	ભાજપ	1960
8	ઉટેવા	પિયુષકુમાર ચૌધરી	કોંગ્રેસ	1048
9	બૌધાન-1	અનિતાબેન લાડ	ભાજપ	1256
10	બૌધાન-2	સુનીલ વસાવા	ભાજપ	1433
11	બોરીગાળા	સરાબેન ચૌધરી	કોંગ્રેસ	1457
12	તડકેશ્વર-1	સંજય પટેલ	ભાજપ	1596
13	તડકેશ્વર-2	સવિતાબેન સુરતી	કોંગ્રેસ	1730
14	તડકેશ્વર-3	અરૂણાબેન પટેલ	ભાજપ	1000
15	તડકેશ્વર-4	નવીનચંદ્ર પટેલ	ભાજપ	1672
16	વેગી	બલ્લુભાઈ ચૌધરી	કોંગ્રેસ	1270

સોનગઢ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોણ બાજી મારી ગયું?

ક્રમ	બેઠકનું નામ	ઉમેદવારનું નામ	પક્ષ	મેળવેલ મત
૧	આમલગુંડી	અસ્મિતાબેન ગામીત	કોંગ્રેસ	૧૯૬૮
૨	અગાસવાણ	મનુભાઈ ગામીત	કોંગ્રેસ	૧૧૭૫
3	ચીમેર	દિનેશભાઈ ગામીત	ભાજપ	૧૭૪૨
૪	થમોડી	સંજયભાઈ ગામીત	ભાજપ	૧૮૩૦
૫	ડોસવાડા	દમયંતીબેન ગામીત	કોંગ્રેસ	૧૭૨૯
૬	તાળકવા	નેહાબેન સોલંકી	ભાજપ	૧૮૧૬
૭	હિરાવાડી	નિલાબેન ગામીત	ભાજપ	૨૪૫૮
૮	જામખડી	દાઉબેન ગામીત	કોંગ્રેસ	૧૭૧૮
૯	ખાંજર	રાજેશભાઈ ગામીત	ભાજપ	૧૬૩૭
૧૦	કિકાકુઈ	અશ્વિનભાઈ ગામીત	કોંગ્રેસ	૧૬૧૨
૧૧	માંડળ	ઉષાબેન ગામીત	કોંગ્રેસ	૧૮૨૯
૧૨	મેંઢા	એસ્તરબેન ગામીત	ભાજપ	૨૩૨૨
૧૩	મોઘવાણ	અસ્મિતાબેન ગામીત	ભાજપ	૧૭૫૫
૧૪	મોટા તારપાડા	મણીબેન ગામીત	કોંગ્રેસ	૨૦૧૧
૧૫	રાણીઆંબા	નિલેશભાઈ ગામીત	કોંગ્રેસ	૧૮૯૦
૧૬	સાદડવેલ	દિનેશભાઈ ગામીત	કોંગ્રેસ	૧૮૫૯
૧૭	ટાપરવાડા	સફીરાબેન ગામીત	ભાજપ	૧૯૮૪
૧૮	ટોકરવા (સેગુપાડા)	મનોજભાઈ ગામીત	ભાજપ	૧૭૪૨

માંડવી તા.પં.માં ભાજપનો ભગવો લહેરાયો: 18માંથી 12 બેઠક પર કબજો

કોંગ્રેસને માત્ર 5 બેઠકથી સંતોષ માનવો પડ્યો, આપનું ખાતું ખૂલ્યું

હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયાં છે. તાલુકા પંચાયતની કુલ 18 બેઠકમાંથી ભાજપે શાનદાર દેખાવ કરતાં 12 બેઠક પર ભવ્ય વિજય મેળવીને સ્પષ્ટ બહુમતી સાથે સત્તા કબજે કરી છે. જ્યારે વિપક્ષ કોંગ્રેસને માત્ર 5 બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. આ ચૂંટણીમાં સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે આપે 1 બેઠક જીતીને માંડવી તાલુકાના રાજકારણમાં સત્તાવાર રીતે એન્ટ્રી કરી છે. આ ચૂંટણીમાં અમલસાડી તાલુકા પંચાયત બેઠક વિશેષ ચર્ચાના કેન્દ્રમાં રહી હતી. આ બેઠક પરથી શંકરભાઈ ચૌધરી અગાઉ કોંગ્રેસ પક્ષમાંથી સળંગ ત્રણ ટર્મ સુધી જીતતા આવ્યા હતા. જો કે, ચૂંટણી પહેલા તેઓ કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાયા હતા. આ વખતે અમલસાડી બેઠક મહિલાઓ માટે અનામત થતાં ભાજપે શંકરભાઈના પત્ની રમીલાબેન ચૌધરીને ટિકિટ આપીને મેદાનમાં ઉતાર્યા હતા. રમીલાબેને જંગી મતોથી વિજય મેળવીને આ બેઠક પર ભાજપનો ભગવો લહેરાવ્યો છે, જેના પગલે વિસ્તારમાં શંકરભાઈ ચૌધરીએ પોતાનો રાજકીય દબદબો અકબંધ રાખ્યો હોવાનું સાબિત થયું છે. માંડવી તાલુકામાં આ વર્ષે આપે પણ પોતાનું નસીબ અજમાવ્યું હતું, જેમાં તેમને પ્રાથમિક સફળતા મળી છે. માલધા બેઠક પરથી આમ આદમી પાર્ટીના મહિલા ઉમેદવાર રવીનાબેન વસાવાએ વિજય મેળવ્યો છે. આ જીત સાથે જ માંડવી તાલુકા પંચાયતમાં આપે પોતાનું પ્રથમ ખાતું ખોલાવ્યું છે.

અરેઠ તાલુકા પંચાયત 16 બેઠકમાંથી 13 ભાજપે કબજે કરી હતી. જ્યારે કોંગ્રેસે 3 બેઠક મેળવી હતી. અરેઠ તાલુકામાં ભાજપે અરેઠ, નરેણ, કરવલી, નોગામા, પાતલ, બૌધાન-1-2, ટુકેદ અને તડકેશ્વર-1-3-4ના વિસ્તારોમાં મજબૂત પ્રદર્શન કર્યું છે. જ્યારે કોંગ્રેસે ઉટેવા, બોરીગાળા અને તડકેશ્વર-2 વિસ્તારમાં જીત મળી છે.

હિતેશ પટેલ

કોંગ્રેસના વર્ષો જૂના ગઢ ઘંટોલીમાં ગાબડું

માંડવી: માંડવી અને અરેઠ વિસ્તારની જિલ્લા પંચાયતની પાંચ બેઠકો પર ભાજપે ભવ્ય વિજય મેળવી ક્લીન સ્વીપ કર્યું છે. આ પરિણામોમાં સૌથી વધુ ચર્ચા ઘંટોલી બેઠકની જોવા મળી રહી છે, જે છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસનો મજબૂત ગઢ ગણાતી હતી. જો કે, આ વખતે ભાજપે એડીચોટીનું જોર લગાવીને આ ગઢમાં ગાબડું પાડ્યું છે અને નીરવ લાડે વિજયી બની કેસરિયો લહેરાવ્યો છે. આ ચૂંટણીમાં દેવગઢ બેઠક પર ગીતાબેન પટેલ અને ગોદાવાડી બેઠક પર નિમીષાબેન રાઠોડનો ભવ્ય વિજય થયો છે. તેવી જ રીતે, અરેઠ જિલ્લા પંચાયતની બેઠક પરથી દર્શનાબેન ગામીત અને તડકેશ્વર બેઠક પરથી આદિત્ય વસાવાએ જંગી મતોથી વિજય પ્રાપ્ત કરી ભાજપનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે.

ભોરિયા-સાંબા-વાંક બેઠક પર મુસ્લિમ મતદારો ભાજપ માટે નિર્ણાયક

ભાજપના ઉમેદવાર પ્રકાશ પટેલને 1833 મત પ્રાપ્ત થયા

સલીમ દિવાન

ભોરિયા: અંબિકા તાલુકા પંચાયતની ભોરિયા-સાંબા-વાંક બેઠક ઉપર ભાજપના ઉમેદવાર પ્રકાશ પટેલે ભવ્ય વિજય નોંધાવ્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર આકિત પટેલને કુલ 1512 મત મળ્યા હતા, જ્યારે ભાજપના ઉમેદવાર પ્રકાશ બાબુ પટેલને 1833 મત પ્રાપ્ત થયા હતા. અન્ય પક્ષના ઉમેદવાર જિતેન્દ્ર પટેલને માત્ર 46 મત મળ્યા હતા. આ રીતે પ્રકાશ બાબુ પટેલે પોતાના નજીકના પ્રતિસ્પર્ધી સામે 316 મતની મજબૂત લીડ સાથે જીત મેળવી હતી. ભોરિયા ગામમાં મુસ્લિમ સમાજ દ્વારા ભાજપને અપાયેલું ભરપૂર સમર્થન સૌના ધ્યાનનું કેન્દ્ર બન્યું હતું. ગામના અનેક વિસ્તારોમાં મુસ્લિમ મતદાતાઓએ ખોબા ભરીને ભાજપના પક્ષમાં મતદાન કર્યું હોવાનું સામે આવ્યું છે, જેને કારણે આ જીત વધુ ઐતિહાસિક ગણાઈ રહી છે. પ્રકાશ પટેલની જીત પછી તેમના સમર્થકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. પરિણામ જાહેર થતાં જ કાર્યકરો અને સમર્થકો દ્વારા ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી અને વિજયોત્સવ ઉજવાયો હતો. જીત બાદ પ્રકાશ પટેલે જણાવ્યું હતું કે, આ જીત મારી વ્યક્તિગત જીત નથી, પરંતુ ભોરિયા-સાંબા વાંક વિસ્તારના દરેક નાગરિકની જીત છે. તમામ સમાજના લોકોએ વિકાસ ઉપર વિશ્વાસ મૂકી મને આશીર્વાદ આપ્યો છે. તેમણે રસ્તા, પાણી, આરોગ્ય અને શિક્ષણ જેવા પ્રાથમિક પ્રશ્નોને પ્રાથમિકતા આપીને વિકાસનાં નવાં કામો શરૂ કરવા જણાવ્યું હતું.

તરસાડી નગર પાલિકામાં સતત પાંચમીવાર ભાજપે જીત મેળવી

હથોડા: તરસાડી નગરપાલિકા હદ વિસ્તાર વર્ષોથી ભાજપનો ગઢ મનાય છે. તાજેતરમાં ચૂંટણી થયા બાદ 13 બેઠક બિનહરીફ કબજે કરી હતી. ત્યારબાદ 15 બેઠક માટે યોજાયેલી ચૂંટણીમાં 11 બેઠક કબજે કરી સતત પાંચમીવાર નગરપાલિકા હદ વિસ્તારમાં કેસરિયો લહેરાયો હતો. જ્યારે પાલિકા હદ વિસ્તારનું વોર્ડ નં.3 મુસ્લિમોની બહુમતી વસતી ધરાવતો વિસ્તાર હોવાથી આ વોર્ડની ચાર બેઠક પર કોંગ્રેસે કબજો કર્યો છે.

ઉમરાખમાં પત્નીના મિત્રએ યુવકને મોતને ઘાટ ઉતાર્યો

‘એની સાથે કેમ સંબંધ રાખે છે?’ પૂછતાં ઝઘડો થયો હતો

બારડોલી: બારડોલીના ઉમરાખ ગામે પત્નીના મિત્રએ યુવકને ચપ્પુના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી ગઇ હતી. ઉમરાખ ગામે આવેલી શિવાંતા સોસાયટીમાં મંગળવારે રાત્રે આ ખૂની ખેલ ખેલાયો હતો.

ઉમરાખ ગામે શિવાંતા સોસાયટીમાં રહેતા અમિતભાઇ નરેન્દ્રભાઈ ઝીંઝુવાડિયા કામરેજ ચાર રસ્તા ખાતે ગોલ્ડન પાર્ક એપાર્ટમેન્ટના મૂળ રહેવાસી હતા. કામરેજની ગુરુકૃપા સોસાયટીમાં રહેતી એક સંતાનની માતા ભાવનાબેન સાથે પ્રેમ થતાં અમિતભાઈએ તેની સાથે લગ્ન કરી લીધા બાદ બારડોલી તાલુકાની શિવાંતા સોસાયટીમાં રહેતા હતા.

મંગળવારે રાત્રિના 8.30 વાગ્યાની આસપાસ ભાવનાબેન ઘરની બહાર તેના મિત્ર મિતેષ હરીશભાઈ કંથારિયા સાથે ખાટલા પર બેઠી હતી અને વાતચીત કરી રહી હતી. આ દરમિયાન અમિતભાઈ ત્યાં મોટરસાઇકલ લઈને આવી પહોંચ્યો હતો. તેમણે ભાવનાને મિતેષ સાથે બેસેલી જોતાં તેણે મિતેષ વિશે પૂછપરછ કરી હતી અને એની સાથે કેમ સંબંધ રાખે છે? એમ પૂછતાં જ બોલાચાલી ઝઘડો શરૂ થયો હતો. ઝઘડા દરમિયાન અમિત અને મિતેષ વચ્ચે ઝપાઝપી હતી. ઉશ્કેરાઈ ગયેલા મિતેષે છાતીમાં છરીના ત્રણથી ચાર ઘા મારી દીધા હતા.

બચાવ કરવા જતાં અમિતના હાથમાં છરી વાગતા આંગળી કપાઈ ગઈ હતી. લોહીલુહાણ હાલતમાં અમિતભાઈ નીચે ઢળી પડ્યા હતા અને સ્થળ પર જ તેનું મોત નીપજ્યું હતું. મિતેષ છરી મૃતક અમિતના હાથમાં મૂકીને ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ કામરેજથી અમીતની માતા દક્ષાબેન પણ સ્થળ આવી પહોંચ્યા હતા. તેમણે ભાવનાના પહેલા પતિના પુત્રએ સમગ્ર હકીકત જણાવી હતી. જેના આધારે તેમણે બારડોલી ગ્રામ્ય પોલીસને જાણ કરતાં પોલીસે મિતેષ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બુધવારે સાંજે આરોપી મિતેષ કંથારિયાની અટકાયત કરી તેની સામે કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલીના ઉતારા ગામમાં ત્રણ દિવસમાં બીજો દીપડો પાંજરે

બારડોલી: બારડોલીના ઉતારા ગામમાં છેલ્લા ત્રણ દિવસથી દીપડાના સતત વિચરણને કારણે ગ્રામજનોમાં ભારે ફફડાટ વ્યાપ્યો છે. ગત રવિવારે એક માદા દીપડીનું બચ્ચું પાંજરે પુરાયા બાદ મંગળવારે વહેલી સવારે વધુ એક રથી અઢી વર્ષનો દીપડો પાંજરે પુરાતાં વનવિભાગે રાહતનો શ્વાસ લીધો છે.

સ્થાનિક નાગરિક નરેશભાઈ રાઠોડે પાંજરામાં દીપડો પુરાયો હોવાની જાણ ‘ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ’ને કરી હતી. ત્યારબાદ વનવિભાગની ટીમે સ્થળ પર પહોંચી દીપડાનો કબજો મેળવી રેંજ ઓફિસ ખાતે ખસેડ્યો હતો.

ટ્રસ્ટના પ્રમુખ જતીન રાઠોડના જણાવ્યા અનુસાર, હજુ પણ વિસ્તારમાં અન્ય દીપડા અને બચ્ચાં હોવાના પગમાર્ક મળી આવ્યા છે. વનવિભાગ દ્વારા હાલ સમગ્ર વિસ્તારમાં ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. જો કે, સતત શિકારી પ્રાણીઓની હાજરીથી સ્થાનિક ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે.

જંબુસર હાઈવે ઉપર કાર વરસાદી કાંસમાં ઊતરી, 11 યુવાન ઘાયલ

ભરૂચ: જંબુસર તાલુકામાં બુધવારે વહેલી સવારે માર્ગ અકસ્માતની ઘટના બની હતી. નાડા ગામથી દહેજ તરફ નોકરી અર્થે જઈ રહેલા યુવાનોને વહન કરતી ઈકો કારે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં વરસાદી ખાડામાં ઊતરી જતાં 11 યુવાન ઈજાગ્રસ્ત થયા છે. કાવાથી પાંચકડા વચ્ચે આ દુર્ઘટના બની હતી. ડ્રાઈવર સ્ટીયરિંગ પરનો નિયંત્રણ ગુમાવી બેઠો હતો, જેના કારણે કાર રસ્તા પરથી ઊતરી ગઈ હતી. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે કારમાં સવાર તમામ યુવાનોને ઈજા પહોંચી હતી, જેમાંથી કેટલાકની હાલત ગંભીર જણાય છે. ઘટના બાદ તાત્કાલિક સારવાર અર્થે બધા જ યુવાનોને જંબુસરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કામરેજમાં પ્લોટ બુકિંગના નામે કરોડોની છેતરપિંડી

સુરત, કામરેજ: સુરતના કામરેજ વિસ્તારમાં સસ્તા ભાવે રહેણાક પ્લોટ આપવાની લાલચ આપી ગ્રાહકો સાથે રૂ.૧,૫૬,૨૦,૦૦૦થી વધુની છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે કામરેજ પોલીસ સ્ટેશનમાં અમદાવાદ સ્થિત ‘સત્યસંકલ્પ બિલ્ડ કોન એલ.એલ.પી.’ના ત્રણ ભાગીદાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. સુરતના જહાંગીરાબાદની 217, 218-રાધેપાર્ક સોસાયટીમાં પુષ્પકભાઈ પટેલ (ઉં.વ.36) રહે છે. તેમના જણાવ્યા અનુસાર વર્ષ-2025માં કામરેજ-ખોલવડની સીમમાં સહજાનંદ નિર્વાણા નામના પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી. આરોપીઓ અમદાવાદના વિવાન કર્મા બંગ્લોઝમાં રહેતા ઉમંગ હરિભાઈ ઠક્કર, કંઠ ઉમંગભાઈ ઠક્કર અને નીલ ઉમંગભાઈ ઠક્કરે વિશ્વાસ અપાવ્યો હતો કે આ જમીન ટાઈટલ ક્લિયર છે અને રોકાણ કરવાથી મોટો નફો થશે. આ લોભામણી લાલચમાં આવીને ફરિયાદી અને અન્ય 14 સાહેદોએ કુલ રૂ.1.56 કરોડ રકમ પ્લોટ બુકિંગ પેટે ચૂકવી હતી. પૈસા ચૂકવ્યા બાદ ફરિયાદીને જાણવા મળ્યું કે, આરોપીઓએ આ જ જમીન વર્ષ-2018માં દીપકભાઈ નાગજીભાઈ પટેલને બાનાખતથી વેચી દીધી હતી, જેના કારણે જમીનના ટાઈટલ ક્લિયર નહોતા અને કોર્ટમાં વિવાદ ચાલતો હતો. વધુમાં આ પ્રોજેક્ટ માટે રેરાની મંજૂરી લેવામાં આવી નહોતી કે કોઈ પ્લાન પાસ કરવામાં આવ્યા નહોતા. જ્યારે ગ્રાહકોએ પોતાના પૈસા પરત માંગ્યા, ત્યારે આરોપીઓએ વાયદા કરી રકમ પરત આપી નહોતી. તપાસમાં બહાર આવ્યું છે કે અંદાજે અન્ય 30થી 40 ગ્રાહકો આ કૌભાંડનો ભોગ બન્યા હોઈ શકે છે. હાલ કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ઈ-ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૯/૨૬-૨૭	સ.વ. પટેલ પ્લેનેટોરીયમ	૦૧	૨૨,૪૮,૫૪,૫૦૦/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૧૧/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

પંજાબ નેશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ : વેલંજા શાખા (ડી નં. ૮૯૫૪૦૦): ૧૫૧-૧૫૧એ, નવા ફળિયા, વેલંજા-૩૯૪૧૫૦.(ફોન : ૬૩૫૯૯૦૬૪૦૯)

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રીમતી સંધ્યાદેવી ધનજી શર્મા (દેવાદાર અને ગીરવેદાર) સરનામું : ૬૪, ભક્તિ નગર-૨, ગોળાદરા નહેર રોડ,હનુમાન જી મંદિર ની પાછળ, સુરત, ગુજરાત-૩૯૫૦૧૦ અને પ્લોટ નં. ૪૦૮, આર્યા રેસીડન્સી, કારેલી મોતા રોડ, કારેલી, પલસાણા,સુરત ગુજરાત-૩૯૪૩૧૦** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન- પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે..તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ	સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રીમતી સંધ્યાદેવી ધનજી શર્મા	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે આર્યા રેસીડન્સી નામની સોસાયટી નો પ્લોટ નં. ૪૦૮ (કેજેપી મુજબ બ્લોક / પ્લોટ નં. ૮૨/૪૦૮) પ્લોટ નું માપ આશરે ૪૮.૦૦ ચો.વાર એટલેકે ૪૦.૧૮ ચો.મીટર + કોમન રોડ અને સીઓપી ની જમીન ના વણવહેચાયેલ મિલકત ના હિસ્સા ૨૩.૫૦ ચો.મી સહિત કારેલી પલસાણા ખાતે રેવન્યુ સર્વે નં. ૫૫ બ્લોક નં. ૮૨ ના જમીન માપ ૩૮૦૫૩ .૦૦ ચો.મી ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા: પુર્વ : જોડે નો પ્લોટ નં. ૪૧૫, પશ્ચિમ : જોડેનો સોસાયટી આતંરીક રોડ, ઉત્તર : જોડે નો પ્લોટ નં. ૪૦૭, દક્ષીણ : જોડેનો પ્લોટ નં. ૪૦૯.	૧૭.૦૪.૨૦૨૬	૩૦.૦૩.૨૦૨૬	રૂ. ૯,૩૭,૫૫૨.૯૧

ઉપરોકત દેવાદારને જણાવવામાં આવે છે કે આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.
તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.
દેવદારોનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૩૦.૦૪.૨૦૨૬ સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**

HDFC BANK એચડીએફસી બેન્ક લિમિટેડ **પઝેશન નોટિસ**
બ્રાન્ચ સરનામું: ૨૦૧ - ૨૦૪, રિદ્ધી શોપર્સ, ઇમ્પીરીયલ સ્કવેર સામે, અડાજણ - હજીરા રોડ, સુરત - ૩૯૫૦૦૯.

એચડીએફસી બેન્ક લિમિટેડના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) **(એચડીએફસી)** અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વાંચતા સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

અનુ. નં.	બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	તારીખના રોજ બાકી લેણાં* રૂા.	ડિમાન્ડ નોટિસ તારીખ	પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક	સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)
૧	શ્રી કૌશિક કે. રાઠોડ (બોરોઅર) ૨૧૨૮૩૧ - ૬૧૮૨૭૮૬૬૭, ૬૧૮૭૦૦૨૧૬	રૂા.૭,૧૬,૨૪૬/- અને રૂા.૨૦,૨૭૯/- અનુક્રમે ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨ ફેબ્રુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૧૦૫, પહેલો માળ, કોસ્મો સિટી - ડી-૧ (પ્લુટો) (ડી-ટાઇપ), સ. નં. ૫૩૭ અને ૫૩૮, ભોજરાજ આઇ હોસ્પિટલની આગળ, આલોક ઇન્ડસ્ટ્રીઝ લિ. નજીક, સાયલી, સિલ્વાસા-૩૯૬૨૩૦.
૨	શ્રી અભિષેક કુમાર સિંઘ (બોરોઅર) શ્રીમતી પમ્મી કુમારી (કો-બોરોઅર) ૨૧૧૪૮૮ - ૬૬૫૬૫૯૧૧૮, ૬૬૩૯૬૫૭૬૧	રૂા.૧૪,૭૭,૨૫૬/- અને રૂા.૮૦,૪૧૫/- અનુક્રમે ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨૭ જાન્યુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૧૦૨, પહેલો માળ, મધુકુંજ રેસિડેન્સી - એ, સ. નં. ૧૬૯૮, ૧૬૬૨, સુંદરવન સોસાયટી, આકરા મારૂતિ તળાવ સામે, સુંદરવનથી પહેલું ડાબુ વળાંક, ઉંબરગાંવ, વલસાડ - ૩૯૬૧૭૦.
૩	શ્રી વીરીઆહ કનગરાજ (બોરોઅર) ૨૧૧૭૫૫ - ૬૨૫૫૯૮૧૬૯	રૂા. ૩,૧૬,૫૪૨/- ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨ ફેબ્રુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૦૫, ગ્રાઉન્ડ ફ્લોર, મીડટાઉન વીંગ - ડી, સ. નં. ૫૯/૩ - એ, ૫૯/૧, ૬૧/૪, બેંક ઓફ બરોડાની સામે, સોમનાથ જંકશન, ગામ - ડાભેલ, નાની દમણ - ૩૯૬૨૧૦.
૪	શ્રી પ્રભાત કુમાર (બોરોઅર) શ્રીમતી પુજા દેવી (કો-બોરોઅર) ૨૧૧૪૮૪ - ૬૪૯૭૧૯૩૨૬, ૬૪૯૧૯૮૯૬૯	રૂા. ૯,૧૯,૪૧૮/- ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨૭ જાન્યુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૧૦૫, પહેલો માળ, ફોર્ચ્યુન - ડીપી - નેનો - ૨ - ૧, સ. નં. ૩૦૫/૨, ૩૦૬/૧, ૩૦૬/૨, ક્રિશી (એગ્રીકલ્ચર) ફાર્મની સામે, વાપી - કાચીગામ રોડ, દમણ - ૩૯૬૨૧૦.
૫	શ્રી દેવેનભાઇ રામુભાઇ પટેલ (બોરોઅર) શ્રીમતી ટ્વીંકલ પ્રવીણભાઇ પટેલ (કો-બોરોઅર) ૨૧૦૯૨૫ - ૬૩૬૨૧૩૫૨૧, ૬૩૫૧૮૯૯૧૭	રૂા. ૧૨,૪૨,૫૭૦/- અને રૂા. ૦/- અનુક્રમે ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨૧ જાન્યુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૩૦૩, ત્રીજો માળ, શિવ રેસિડેન્સી, સ. નં. સીએસ ૭૯૩/૨, સ. નં. ૯૦/એ/૧/૨, એસ.ટી. વર્કશોપથી તાડકેશ્વર મંદિરની સામે, સેન્ટર પોઇન્ટ પાસે, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ - ૩૯૬૦૦૧.

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/ કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી**ના અધિકૃત અધિકારી/ઓ (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી, મુંબઇના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ-૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/ સિક્યોર્ડ એસેટનો કબજો મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/ કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/ સિક્યોર્ડ એસેટ સાથેનો કોઇ સોદો કરાશે તો તે **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સૅ)/ કાયદેસરના વારસ (દારો), કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ(૮) ની જોગવાઇ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયામત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઇન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સૅ)/ કાયદેસરના વારસદાર(રો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ને વિનંતી છે કે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

તારીખ : ૨૯-૦૪-૨૦૨૬
સ્થળ : સુરત
વતી, એચડીએફસી બેન્ક લિ.,
સહી/-
અધિકૃત અધિકારી

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com